

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઉજવવા હનુમાનની હેપી બર્થ ડે દોડ ચાલી છે,*
*ઉજવણીમાં સૌથી મોટી કેકની હોડ ચાલી છે,*
*ખોડ શાલી છે રામભક્તિની હનુમાનજી છે, દુઃખી -*
*તપ, સેવા ને ભક્તિ વિનાની તડજોડ ચાલી છે.*

હાઈકુ

*લઘુતા ગ્રંથિ,*
*સૌથી ઊંચેરું મારું!!!*
*વામણા નેતા...*
*(ઊંચાઈ સ્પર્ધા -*
*(સરદાર-શિવાજી-હનુમાન)*

*મત કસાઈ!*
*ખેંચે કતલખાને -*
*બિચારી બેન્કો...*
*(લોન માફ...)*

### ચિંતન

**હસ્તગપતમપિ શત્રું ન વિશ્વસેત્ ।**

કેદ પકડાયેલા શત્રુનો કયારેય વિશ્વાસ ના કરવો. ઉપરોક્ત ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સંજોગોવશાત શત્રુ જીવતો કેદ પકડાયેલો હોય ત્યારે એની વાતો પર રાજાએ વિશ્વાસ ના મૂકવો જોઈએ. એને ન તો ક્ષમા બક્ષવી જોઈએ કે ન એને મિત્ર બનાવવો જોઈએ કારણ કે શત્રુ ગમે ત્યારે મૃત્યુ અને વિનાશનો દૂત બની શકે છે.

ચાણક્ય-નીતિ એ 'રાજનીતિ' નું શિક્ષણ છે એમાં અધ્યાત્મ સિદ્ધાંતને સ્થાન ન હોય, એટલે વાચક એવું ન વિચારે કે સદાય 'ક્ષમા' અને 'ત્યાગ'નું મહત્ત્વ દર્શાવતી 'કોલમ' આજે દુશ્મનના સર્વનાશની વાત કેમ કરે છે.

રાજનીતિનાવ વ્યવહારૂ અમલ માટે દુશ્મનને નામશેષ કરી નાખવો એ જ 'નીતિ' છે.

### સુવિચાર

- જો તમે સો વ્યક્તિને સહાય કરી શકો તેમ ન હોવ તો માત્ર એક વ્યક્તિને સહાય કરો - **મધર ટેરેસા**
- ભૂલ એ એક એવો છોડ છે જે દરેક પ્રકારની ભૂમિમાં ઉગે છે - **માર્ટીન લ્યુથર કિંગ**
- શાણો માણસ કિસ્મતે તેને જે નથી આપ્યું તેના કરતા વધુ મહત્ત્વ કિસ્મતે જે આપેલું છે તેનું આંકશે - **શેખ સાદી**
- રૂપ કે કુળ ગૌરવના કારણે બનતા નથી, માણસના કર્મ જ તેની શોભા વધારે છે - **પંચતંત્ર**
- જેટલું મારી પાસે વધારે એટલો હું વધુ ઊણો - **થોરો**
- જિંદગી એક પ્રશ્નપત્ર જેવી છે. આપઘાત એ પ્રશ્નપત્ર ફાડી નાખવા જેવું છે, પણ પ્રશ્નપત્ર ફાડી નાખવાથી પાસ થવાતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સરસિયાના તેલમાં જામફળ ઘસીને મસાજ કરવાથી સંધિવામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજના યુગમાં કેટલાંક સ્ત્રી-પુરુષો ઘરમાં બિમાર-અશક્ત મા-બાપ, સાસુ-સસરાને ભગવાન ભરોસે છોડી ભક્તિ-સત્સંગમાં બહાર ભટકતાં રહે છે. ભગવાનના સ્વરુપ જેવા વડીલો એમની પ્રતિક્ષામાં વલવલાટ કરતાં રહે છે.

સ્વામી સુખદાસજી મહારાજ ગીતાભવનમાં ગીતાજી પર વ્યાખ્યાન આપતા હતા. એમની પડખે જ રૂમમાં એક બિમાર વૃદ્ધ અહીં સારવાર માટે તેના પુત્ર સાથે આવ્યા હતા. સ્વામી રામસુખદાસજીએ વૃદ્ધની પીડાના ચિત્કાર રાત્રે સાંભળ્યા હતા. તેના પુત્ર સાથે પણ બિમારી અંગે વાતચીત થઈ હતી.

સાંજે વ્યાખ્યાન શરું થયું. સ્વામીજીએ જોયું કે વ્યાખ્યાનમાં પેલા બિમાર વૃદ્ધનો પુત્ર પણ બેઠો હતો. સ્વામીજીએ તેને બોલાવ્યો અને કહ્યું ભાઈ! તું તારા બિમાર પિતાને રૂમાં એકલા છોડી વ્યાખ્યાનમાં કેમ આવ્યો છે ? અસલી ભજન-સત્સંગ તો સાક્ષાત ઈશ્વરમૂર્તિ સ્વરુપ વડીલની સારવાર - દેખભાળમાં જ છે. તેમની સેવામાં જ ભક્તિ છે. સ્વામીજીના શબ્દોની અસર યુવાન પર થઈ અને તરત પિતાશ્રીની સેવામાં પહોંચી ગયો.

# ભારતને જાસૂસી મુદ્દે ફસાવવાનું કાવતરું

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાને ફરી એકવાર દુનિયા સમક્ષ ભારતને જાસૂસી મુદ્દે બદનામ કરવાનો કારસો ઘડ્યો છે. હજી તો સરબજિત સિંહના મોતની માતમ ઓસરી નથી ત્યાં કુલભૂષણ જાદવ નામના ભારતીય નેવી ઑફિસરને 'રૉ'ના જાસૂસ તરીકે ખપાવી દઈ ફાંસીની સજા સંભળાવી દેવાઈ છે. સરબજિત મુદ્દે ભારત સરકારે કેટકેટલી રજૂઆત કરી હતી બલકે એની નિર્દોષતા સાબિત કરવામાં ખુદ પાકિસ્તાની માનવતાવાદી અગ્રણીએ આકાશ પાતાળ એક કરી સફળતા મેળવી હતી, પરંતુ આખરે એનો અંજામ કેવો કરુણ આવ્યો તે આપણે જાણીએ છીએ. પાકિસ્તાનના ક્રૂર લશ્કરી તંત્ર માટે એક વાર નક્કી કરેલી સજાને હળવી કરવી કે એ અંગે પુનર્વિચારણા કરવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની જતો હોઈ તે પોતાના નિર્ણયનો અમલ યેનકેન પ્રકારણે કરાવીને જ જંપે છે. કુલભૂષણ જાધવ પાસે તો બળજબરી પૂર્વક કબૂલાત પણ કરાવવામાં આવી છે કે પોતે ભારતની જાસૂસી એજન્સી 'રૉ' માટે એ જાસૂસીનું કામ કરતો હતો. ભારત સરકાર કે કુલભૂષણનું કુટુંબ આ કબૂલાત એને ધાકધમકી આપીને કરાવાઈ હોવાનું માને છે. એને બલુચિસ્તાનમાંથી પકડ્યો હોવાનો પાકિસ્તાનનો દાવો પણ ભારત સ્વીકારવા તૈયાર નથી. કન્સલ્ટન્ટ તરીકે ઈરાનમાં બિઝનેસ કરતા કુલભૂષણ જાધવને ઈરાનથી જ અપહરણ કરીને એના પર ખોટા આરોપો મઢી ભારતને બદનામ કરવાનું પદ્ધતિસરનું કાવતરું હોવાનું ભારત માને છે અને એને ફાંસી અપાશે તો એ હત્યા ગણાશે - એવી સ્પષ્ટ રજૂઆત ભારત સરકાર તરફથી દિલ્હી ખાતે પાકિસ્તાનના હાઈ કમિશનર બાસિતને બોલાવીને સુપરત કયારેલ છે. જો કે વાંકદેખું પાકિસ્તાન વર્તમાન સંજોગોમાં ભારતની રજૂઆતને કેટલું મહત્ત્વ અપાશે તે પ્રશ્ન જ છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે પણ કુલભૂષણ જાધવને સંભળાવાયેલ ફાંસીની સજા ગેરકાયદેસર અને આંતરરાષ્ટ્રીય કાનૂનના ભંગ સમાન હોવાની રજૂઆત કરી છે. જો કે ચારે બાજુથી ઘેરાયેલું પાકિસ્તાન કોઈને કોઈ મુદ્દે ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામ કરવા કૃતસંકલ્પ હોઈ પકડાયેલ નેવી ઑફિસરને બક્ષે એવી શક્યતા નહીંવત જ લાગે છે. ભારત સરકાર માટે એની જિંદગી બચાવવી તે અગત્યની બાબત બની રહેશે. નવાઝ શરીફ સરકાર લશ્કરી તંત્રના ઓછાયા હેઠળ જ કામ કરતી હોઈ એ કદાચ આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ કુલભૂષણ જાધવની સજા હળવી કરવા સહમત થાય તો પણ લશ્કર એમનુ કેટલું માનશે તે પ્રશ્ન જ રહે છે. ભારતે પાકિસ્તાનના કેદીઓને છોડી મૂકવાનો નિર્ણય મુલતવી રાખી પાકિસ્તાનનું નાક દબાવવાની કોશિશ જરૂર કરી છે, પરંતુ એની સામે પાકિસ્તાન ભારતીય કેદીઓ પણ કેવા અને કેટલા જુલમ ગુજારતું હશે એની તો કલ્પના જ કરવી મુશ્કેલ છે. કદાચ મોતની સજા કરતાં પણ ભારતીય કેદીઓ પર થતો ક્રૂર જુલમ વધારે પીડાદાયક હશે, એમા શંકાને સ્થાન નથી. કુલભૂષણ જાધવ પાસે પણ આવો જુલમ ગુજારતીને જ કબૂલનામું લખાવ્યું હોવાની સંભાવના છે.

# જીવનને સ્પર્ધાત્મક ન બનાવતાં સહજ રીતે જીવાય તે અગત્યનું છે



નવાં કલેવર
નટવર હેડાઉ

ઉર્મી, તેં ફોન પર યુ.એસ. જઈ. એમ.ટેક. કરવાના સમાચાર આપ્યા, 'એપ્લાય કયારે કર્યું? કેટલી ફી છે ? કેટલા વર્ષનો કોર્ષ છે ?' એ બધા પ્રશ્નોનો ઉત્તર તેં એક જ વાકયમાં, 'મમ્મા, એ બધું છોડ, સ્કોલરશીપ મળી છે, બસ આવતા અઠવાડિયાની ફલાઈટ છે.' એટલું કહીને આપી દીધો. સાંભળીને હું તો દંગ રહી ગઈ. આટલો મોટો નિર્મય લેતી વખતે તેં વખતે પુછ્યું પણ નહીં. પુછવું તને જરૂરી પણ ન લાગ્યું. કેમ ? કદાચ એ જાણવાનો અધિકાર હું કયારનો ખોઈ ચૂકી છે.

ઉર્મી, તું તો જાણે જ છે કે હું અને તારા પપ્પા એક જ કંપનીમાં કામ કરીએ છીએ. તારા પપ્પાને અવારનવાર ફોરેન ટૂરમાં જવું પડ્યું, હું ઘર અને ઑફિસ બંને સહજતાથી સંભળાતી, તું લગભગ બે વર્ષની હોઈશ. ત્યારે કંપની કોઈ મહિલા ડેલિગેટને વિદેશ મોકલવા માંગતી હતી. ડી.એમ. મને મોકલવા માંગતા હતા. તેમણે મને જવા માટે આગ્રહ કર્યો. ફક્ત બે દિવસની વાત હતી. અને મારી પ્રતિભા બનાવવાનો મોકો હું જવા દેવા માંગતી ન હતી. 'કેરિયર બનાવવાનો આનાથી સારો મોકો ફરી મળે કે ન મળે એમ વિચારી તને ઘરની નોકરાણીના ભરોસો મુકી જવાનું મેં મુનાસિબ માન્યું. બે દિવસ પછી પાછા આવ્યા બાદની એ પળો આજે પણ મને બરાબર યાદ છે. તારો એ નિરાશ ચહેરો, તારી માસૂમ લાચારી મારા મનને કોચળી રહી હતી. તે બે દિવસ પછી હું જયારે ઑફિસ જતી ત્યારે તારી આંખોના અધિરાઈ, બેચેની, ગભરાટ મારો પાલવ પકડીને રડવું, રાતે ડરીને ઉઠી જવું. મને વારે વારે તારામાં ઉપજેલી 'અસલામતીની ભાવના' નો અહેસાસ કરાવતી હતી. પણ એ બધું જોવા - સમજવાનો સમય કોની પાસે હતો. મારી મહત્ત્વાકાંક્ષાને પાંખો આવી હતી. હું ઊંચે ને ઊંચે ઉડવા માંગતી હતી. પછી તો અમારા પતિ-પત્ની વચ્ચે જાણે કે હોડ લાગી ગઈ હતી. તારા પપ્પા ચાર દિવસ માટે જાય તો હું છેવટે બે દિવસ તો જરૂર જતી, જો ને સવારે વહેલા નીકળે તો હું સાંજે માંડી આવતી. અમે નવાં નવાં રમકડાં, સુવિધાઓ અને એમ કહી શકાય કે ઐશ્વર્યની ચીજોથી તને બહેલાવતાં રહ્યા. પરંતુ સમય સાથે અમારી વચ્ચેનું અંતર વધતું રહ્યું.'

બેટા, હું કોઈ મારો બચાવ કરવાની કોશિશ નથી કરી રહી પણ એક વાત સ્પષ્ટ કહી દેવા માંગુ છું. હું એટલે કે તારી મોત પ્રતિસ્પર્ધાના યુગની દેન છે. પતિ-પત્ની એકબીજાને નીચા બતાવવાની પ્રવૃત્તિના મૂળમાં ભાઈ-બહેન વચ્ચે બરાબરીનો દાવો, છોકરા-છોકરા વચ્ચે તુલનાની ભાવના છે. પોતાનું વર્ચસ્વ સાબિત કરવા માટે અમારે સખત મહેનત કરવી પડી. ઘર અને બહારની બેવડી જવાબદારી નિભાવતાં કયાંક ને કયાંક અમારાથી કમી રહી ગઈ. જેનું પરિણામ આજ તારા જેવાં નવ જુવાનોને ભોગવવું પડ્યું. તે અપરાધ અમારી પેઢીને અંદરથી કોસે છે.

હવે સહજ સ્થાપિત વર્ચસ્વ ને કાયમ રાખવા સાથે નવી પેઢી પાસે પોતાને પસંદગીની સુવિધા પણ છે. આજની પેઢી વધુ સમજદાર, બમણી જવાબદારી ઉઠાવી લેવા પુરેપુરી સક્ષમ છે. કેમ કે પુરુષ સમાજ પણ આપણી ક્ષમતાઓ ઓળખવા અને સ્વીકારવા લાગ્યા છે. પેઢીઓ વચ્ચેનું એ અંતર હવે સ્પષ્ટ દેખાવા લાગ્યું છે અને શું પામ્યા ને શું ગુમાવ્યું તેના લેખાજોખાં કરવાનો સમય પણ આવી ગયો છે.

બેટા, એ વાત ખરી કે સ્ત્રી, પુરુષ સંસાર રથનાં બે પેડાં છે. બંને સમકક્ષ છે. છતાં દીકરીએ પણ સત્ય છે કે પ્રકૃતિએ સર્જનની અદ્વીતીય ક્ષમતાની સાથે નારીના વક્ષસ્થળમાં વાત્સલ્યનો નૈસર્ગિક સ્ત્રોત પ્રવાહિત કરી તેને વધારાનું દાયિત્વ પણ સોંપ્યું છે. તારા બેચ મેટ યુવરાજ પણ તારી સાથે જવાનો છે. એ વાત કદાચ તારા જીવનના નવા અધ્યાયના શરુઆતનાં સંકેત છે. તેથી હું તને આ બધું લખી રહી છું. જીવનને સ્પર્ધાત્મક ન બનાવતાં જીવન સહજ રીતે જીવાય તે અગત્યનું છે. પ્રકૃતિએ આપેલ 'વિશેષ જવાબદારી'ને પણ સહજતાથી નિભાવી તું અને યુવરાજ જીવન જીવો અને તું સાચા અર્થમાં તેની પ્રતિસ્પર્ધિ નહીં પણ સહચરી બને' એ જ અભ્યર્થના.

# માગવાનું નહીં, આપવાનું નામ એટલે પ્રેમ



ગુલમહોર
દિનેશ દેસાઈ

ઓશોએ એક વાર કહ્યું હતું કે "તમે કોઈને પ્રેમ આપો, આદર આપો, સન્માન આપો અને લાગણી આપો ત્યારે હંમેશા એવી અપેક્ષા રાખવી જોઈએ નહીં કે તમને પણ કોઈ એટલું જ પ્રેમ કરે, એટલી જ લાગણી પાછી મળે અને એટલો જ આદર તથા સન્માન મળે. આપવાનું કામ તમારું છે. પાછું મેળવવાનું કામ તમારું નથી."

ખુબ સરસ વાત છે. પ્રકૃતિ આપણને આ જ શીખવે છે. ઝરણું અને નદી કહે છે કે વહેતાં રહો અને સૌ કોઈની તરસ છીપાવતાં રહો. જળનું કર્મ વહન છે અને આપવું તેનો જાણે ગુણધર્મ છે. પહાડ જીવનમાં ઊંચાઈ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે. આ સિવાય પણ પહાડ તો ઘણી બધી ખનીજ, વનસ્પતિ, જડીબુટ્ટી વગેરે પણ આપે જ છે. વૃક્ષ શીતળ છાયો અને ફળ, ફૂલ પણ આપે છે અને જ્યારે પોતે સૂકાઈને જીવનલીલા સંકેલી લે છે ત્યારે ઈમારતી લાકડું પણ આપે છે. પ્રકૃતિનાં દરેક તત્વો આપણને આપ્યાં પછી બદલામાં કશાયની અપેક્ષા રાખતા નથી.

> **તમે કોઈને કશું પણ આપો છો અને બદલામાં કશાયની અપેક્ષા રાખતા નથી ત્યારે એને શુદ્ધતમ પ્રેમ જ કહી શકાય, પરંતુ જો તમે કોઈને કશુંક આપો અને પછી કશાક બદલાની અપેક્ષા રાખો છો તો એ તો વેપાર અથવા વેપારમાં રોકાણ કર્યું કહેવાય**

આપીને ભુલી જવું એવો સ્વભાવ આપણને પ્રકૃતિ શીખવે છે. બદલો લેવો કે બદલો વાળવો, એવી બાબતોથી આપણે દૂર રહેવાનું છે. યાચક અથવા ભિક્ષામાં કશુંક માગવાનું કામ તમારું નથી. આપીને ભુલી જવું એ ઘણું અઘરું છે. ઉપકારનો પણ અહંકાર ન રહે એ સાધુવાદની નિશાની છે. બધાયને આવી સાધુત્વની પરાકાષ્ઠા પ્રાપ્ત થઈ શકતી નથી. દરેક વ્યક્તિ આજના સમયમાં જાણે ગરજવાન બનતી ગઈ છે. દરેકને બીજા પાસેથી કશુંક મેળવવું છે અને પ્રાપ્ત કરવું છે. કોઈને પોતાના ખિસ્સામાં કે વોલેટ-પાકિટમાં હાથ નાખવો નથી.

જો તમે કોઈને કશું પણ આપો છો અને બદલામાં કશાયની અપેક્ષા રાખતા નથી ત્યારે એને શુદ્ધતમ પ્રેમ જ કહી શકાય. પરંતુ જો તમે કોઈને કશુંક આપો અને પછી કશાક બદલાની અપેક્ષા રાખો છો તો એ તો વેપાર અથવા વેપારમાં રોકાણ કર્યું કહેવાય. એવો વ્યવહાર પ્રેમ તો ન જ હોઈ શકે.

એક સરસ મજાનું દ્રષ્ટાન્ત છે. એક સામાન્ય વસાહતમાં એક પરિવારની પડોશમાં રહેવા માટે બીજો એક પરિવાર આવ્યો. નવા પરિવારમાં પતિ-પત્ની અને બે સંતાન હતા. એ લોકો પોતાના ઘરનો કચરો ભેગો કરીને ઘર બહાર જમા કરતા હતા. થોડોક પવન કે વંટોળ હોય ત્યારે આ કચરો જૂના પરિવારના ઘર તરફ અને ઘરના ચોગાનમાં પણ ઊડીને જમા થવા લાગ્યો. એટલું જ નહીં, જૂના પરિવારના લોકોને નવા રહેવા આવેલા પરિવારની ઉભી કરેલી ગંદકીના કારણે દુર્ગંધ પણ આવવા લાગી હતી.

જૂના પરિવારમાં પણ પતિ-પત્ની અને બે સંતાન હતાં. બેઉ બાળકોએ માતા-પિતાને કહ્યું કે તમે પડોશીને જઈને સમજાવો કે કચરો-ગંદકી ન કરે, આપણને તકલીફ પડી રહી છે. પરંતુ સહિષ્ણુ માતા-પિતાએ એમ ન કર્યું.

એક રવિવારે સવારના સમયે મા-બાપે પોતાનાં સંતાનોને કહ્યું કે "એક કામ કરો. આપણા ઘર બહારના ચોગાનમાં આપણે જે બગીચો તૈયાર કર્યો છે, એમાંના ફૂલછોડમાંથી સરસ મજાના ફૂલો ચૂંટી લાવો અને તેમાંથી આકર્ષક ગુલદસ્તો તૈયાર કરી આપો."

બાળકોએ તો મા-બાપની સૂચના પ્રમાણે પોતના ઘર બહાર આવેલા નાનકડા બગીચામાં જઈને સોનેરી તકડામાં સ્મિત ફરકાવતાં જુદાં જુદાં ફૂલોને ચૂંટી લીધા. બસ થોડા જ સમયમાં બાળકોએ મા-બાપની મદદથી સરસ મજાનો સુગંધીદાર ગુલદસ્તો બનાવ્યો. સવારના સમયે જ મા-બાપ તેમનાં સંતાનોને સાથે લઈને પડોશમાં નવા રહેવા આવેલા પરિવારના ઘરે ગયાં અને ડોરબેલ વગાડ્યો.

નવા પડોશીએ ઘરનો દરવાજો ખોલતા આવકાર આપ્યો: "ઓહ, તમે તો અમારી બાજુમાં જ રહો છો ને... આવો, આવો. વેલકમ."

બેઉ પરિવાર એકબીજાને ચહેરાથી તો ઓળખતા જ હતા. જૂના પડોશી યુગલે પોતાની સાથે લાવેલો સુગંધીદાર ગુલદસ્તો નવા પડોશી યુગલના હાથમાં આપ્યો. ગુલદસ્તાની સુગંધથી સમગ્ર ઓરડો ભરાઈ ગયો.

નવા પડોશીએ વિવેક ખાતર કહ્યું કે "ગુલદસ્તો લઈને આવવાની શી જરુર હતી. ખેર, સુગંધીદાર ભેટ આપવા બદલ આપનો ધન્યવાદ."

જૂના પડોશી પ્રતિભાવમાં એટલું જ બોલ્યા કે "આ તો અમારી પાસે સરસ મજાનો બગીચો છે અને એમાં જુદાં જુદાં રંગબેરંગી સુગંધીદાર ફૂલો રોજ ખીલતાં રહે છે. એને ચૂંટીને જ અમે ગુલદસ્તો બનાવ્યો છે. અમારી પાસે ઘર બહારના ચોગાનમાં બગીચો છે, એટલે અમે તમને ફૂલો જ આપી શકીએ ને."

આ વાત સાંભળીને નવા પડોશી પતિ-પત્ની શરમાઈ ગયાં. તેમને પોતાની ભુલનો અહેસાસ થઈ ગયો કે આ પડોશી પોતાની ગંદકી કરવાની વૃત્તિ અને કચરાના ઢગ ખડકવાની ટેવને લઈને કટાક્ષ કરી રહ્યા છે.


નવા પડોશી યુગલે માફી માગતા કહ્યું કે "અમે તમને એક પડોશી હોવાના નાતે રોજબરોજ ગંદકી અને કચરાની દુર્ગંધ આપી અને તમે અમને સુગંધીદાર ફૂલોનો ગુલદસ્તો બનાવીને આપ્યો. તમારો ખુબ ખુબ આભાર. હવે અમે પણ તમારી જેમ જ ઘર બહાર સરસ મજાનો બગીચો બનાવીશું અને ગંદકી કે કચરો જમા ન થાય તેનું ધ્યાન રાખીશું."

સમગ્ર ઘટનાક્રમની મૂળ વાત એટલી જ કે કોઈ પણ વિવાદ કે સમસ્યાનો હલ-ઉકેલ જો સમજૂતીપૂર્વક અને શાંતિપૂર્વક આવી શકતો હોય ત્યારે એમ શા માટે ન કરવું જોઈએ. પ્રેમથી કોઈ પણ બાજી જીતી શકાય છે. પ્રેમ હોય ત્યાં નફરત, નકારાત્મકતા, ધૃણા, ધિક્કાર, કે બીજી કોઈ જ ખોટી બાબતોને સ્થાન ન હોઈ શકે. પ્રેમ આપીને પ્રેમ પામી શકાય. પ્રેમ વાવીને પ્રેમ લણી શકાય.

સ્ટોપરઃ-

'મૈં બોતા રહા બંજર જમીં મેં ઈશ્ક કે બીજ,
તેરા હર વાદા સરકારી મુઆવજા નીકલા'

# જાદુ તેરી નજર...!! મર્યા બાદ પણ રંગબેરંગી દુનિયાને જોવાની અનેરી મજા...!!



Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'મારી પાસેથી કરોડો ડોલરના કિંમતની બેંટલી કાર દફન કરવાનો છું.' આવી જાહેરાત બ્રાઝિલના બિલિયોનર થેન ચિકીનો સ્કાર્પા નામની વ્યક્તિએ કરી... એણે એમ પણ કહ્યું કે મૃત્યુબાદ જે ગાડીમાંથી એ આજીવન ફર્યો છે એ જ ગાડીમાં પરલોકમાં પણ એ ફરી શકે એ માટે આ કારને દફનાવી રહ્યો છે.



આપણી જેમ એ દેશમાં પણ 'આજતક' કે 'એનડીટીવી' જેવા ચેનલોએ એને બ્રેકિંગ ન્યૂઝ બનાવ્યાં. દેશભરમાં ચર્ચા શરુ થઈ ગઈ. અર્થાત્ એ નેગેટીવ જ હતી. થેન ચિકીનો પણ ટીકાનો મારો ચાલ્યો. આટલી મોંઘી કારને ખાડામાં દાટવી એટલે મહામુર્ખ એવો આક્ષેપ થયા.

અરે, કાર વેચવી ના હોય તો દાન કરી દેવાય, પણ દાઠવાની ? દાન કરે તો પુણ્ય મળે એવી સલાહ લગભગ દરેક મીડિયા બિરાદરોએ એને મફતમાં આપી એની ઝાટકણી કાઢી. સોશિયલ મીડિયા પર સર્વે થયો, અને બધાંને એ કારને ન દાટવા અને દાન કરવા માટે પોતાનો મત આપ્યો. ઘણાંએ તો આ કૃત્યને દેશદ્રોહી ગણાવ્યું. રાષ્ટ્રીય સંપત્તિનો નાશ કરનારને માનસિક વિકૃત જાહેર કરી એની ધરપકડની માંગણી કરાઈ... ત્યાંના રસ્તા પર દેખાવ થયા અને કેટલાંક દેશભક્તોએ તો એના ઘર સામે ધરણાં કર્યા.

આટલી બધી ટીકાઓનો સામનો કર્યા બાદ, દુનિયાની ચિંતા કર્યા વગર ચિકીનોએ બેંટલી કારની દફનવીધિ સમારંભની તારીખ પણ જાહેર કરી દીધી...

પત્યું, આખરે એ દિવસ આવી જ ગયો. આટલી મોંઘી ગાડીને દફન થતી જોવા કે થેનનું ગાંડપણ જોવા જબરદસ્ત ભીડ ભેગી થઈ ગઈ. વિવિધ માધ્યમોના પ્રતિનિધિ લાઈવ કવરેજ માટે હાજર હતા, કશું અઘટીત ન થાય માટે પોલીસ પણ હાજર હતી...

હવે અહીંથી કહાનીમાં ટ્વિસ્ટ છે, એટલે જો ના હોત તો હું આ કિસ્સો કદાચ અહીં લખત પણ નહીં.... અને વિશ્વભરના મીડિયાએ આને આટલા મોટા પ્રમાણમાં પ્રસિદ્ધ પણ આપી ના હોત...

થેને એમના વિશાળ બંગલાના મોટા ગાર્ડનમાં એક આ બેંટલી કાર દફનાવાય એટલો ખાડો ખોદી રાખ્યો હતો. અને થોડી જ વારમાં આ ખાડામાં કાર દફનાઈ જવાની હતી. અને એટલામાં એમણે માઈક પર ઘોષણા કરી,

> **ઘણાં કામ લાગ્યાં સૌ અંગો આ જીવનભર,**
> **ઘણાં એના વિના જીવ્યા છે આ જીવનભર.**
> **બસ એક આખરી ઈચ્છા છે આ જીવનની,**
> **દેહદાન કરીને બીજામાં જીવીશ હું જીવનભર!**
> **- કમલેશ શુક્લ (સુરત)**

'હું કાર દફનાવવાનો નથી, એવી મારી ઈચ્છા પણ નહોતી, અને આ દફનવિધિનો ડ્રામા એ અત્યંત ઉપયોગી એવા રાષ્ટ્રીય કાર્ય માટે જ કરવામાં આવ્યો છે.' અને એણે જયારે એ ગુપ્ત સંદેશો આપ્યો ત્યારે ત્યાં હાજર અને ટીવી સામે ગોઠવાયેલા સૌએ એને તાળીઓથી વધાવી થેનનો જય જયકાર કર્યો...

અવયવ દાનનું મહત્ત્વ એના દેશમાં લોકોને સમજાય એ માત્ર એક એનો પવિત્ર ઉદ્દેશ્ય હતો. થેક ચિકીનોએ કહ્યું,

'મિત્રો, મેં મારી મોંઘી કાર દફન કરવાની વાત કરી એટલે સૌએ મને મુરખમાં ખપાવ્યો, દાન કરવાની સલાહ આપી, પુણ્ય કમાવવાની વાત કરી, પણ સાચું તો એ છે કે આ કાર કરતાં પણ કિંમતી એવા આપણા અવયવ આપણે દાટી દઈએ છીએ.'

આ શરીરમાં હૃદય, યકૃત, ફેફસાં, આંખો, મૂત્રપિંડ જેવા કેટલાંય અવયવો દાટનારાં મૂર્ખો કરતાં મને કાર દાટતાં મૂર્ખ સાબિત કરવા તમે ભેગા થયાં છો. ખરેખર તો જાણવા કે અજાણતા આ મુર્ખપણું આપણે પીઢી દર પેઢીથી કરતાં આવીએ છીએ...! આપણાં દેશમાં હજારો દર્દીઓ આવા અવયવોની રાહ જોઈને બેઠાં છે. કોઈ જો એમને દાન કરે તો કેટલાંયનાં પ્રાણ બચવાનાં છે. બ્રેઈન ડેડ લોકોના અવયવ તો અવશ્ય મદદરુપ થાય જ... બ, તમે આટલું કરજો અને મૃતને દાટવાનું બંધ કરો...'

બ્રાઝિલ જ શું કામ ? દરેક દેશમાં આ જાગૃતતા લાવવી જરૂરી છે. અને આપણાં ભારત દેશમાં તો ખાસ... હમણાં અક્ષરનાદ વેબસાઈટ પર આવું જ એક રસપ્રદ વસિયતનામું વાંચવામાં આવ્યું, દેહદાન નેત્રદાન માટેનું 'અમરતાનું વસિયતનામું' આપણાં વિચારોને ફેરવવા સમર્થ છે.

'એક દિવસ હોસ્પિટલના કોઈ પલંગમાં, દૂધ જેવી ધોળી ચાદર નીચે મારો દેહ ઢંકાયેલો હશે. એવી ક્ષણે ડૉકટર આવી અભિપ્રાય આપશે કે મારા મગજે કામ કરવાનું નકાર્યું છે અને મારું જીવન પૂર્ણવિરામ પામ્યું છે.'

આવું જયારે બંને ત્યારે યંત્રની સહાયથી મારા જીવનમાં વધારાના શ્વાસ ઉમેરશો નહીં. મારી મૃતશૈયાને જીવનશૈયા કહેજો. બીજા કોઈનું જીવન ચેતનવંતુ બને એ માટે દેહનો ઉપયોગમાં લેજો.

જેણે ઉઘડતું પ્રભાત નથી જોયું કે નથી નિહાળ્યું, હસતા - રમતાં ભૂલકાનું નિર્દોષ મોઢું નથી જોયું એવી નારીને મારી આંખો આપજો. જેણે પોતાના હૃદય પાસેથી પારાવાર વેદના સિવાય કશુંયે મેળવ્યું નથી એને મારું હૃદય આપજો.

અકસ્માતમાં ભંગાર થયેલી કારમાંથી ખેંચી કાઢેલા કોઈ યુવાનને મારું લોહી ચઢાવજો, જેથી એ એની યુવાન પત્ની અને બાળકને ફરી મળી શકે.

દર અઠવાડિયે મશીનની મદદથી યાતના સભર ડાયાલિસિસ કરાવી પોતાના અસ્તિત્વને ટકાવવા મથતા કોઈ દર્દીન મારા મૂત્રપિંડો આપજો. મારાં અસ્થિઓ, મારાં સ્નાયુ, એક એક તંતુ, અનેક જ્ઞાનતંતુ, કોઈ અપંગ બાળકનો દોડતું કરવા આપી દેજો.

મારા મગજનો ખૂણો ખૂણો ફરી વળજો. એના કોષે કોષનો ઉપયોગ કોઈનો મૂંગો લાડકવાયો દીકરી કે લતા જેવા મધુરા ગીત ગાઈ શકે એવી દીકરીને આપજો. એ બધીર બાળકો ફરી સંગીત માણી શકે એવું કરજો.

એ પછી કંઈ વધે તો બાળી નાંખજો. એની રાખીને પવનમાં ઉડાળજો, એ નવાં ફુલો ખીલવશે. અને હા, કંઈ દાટવાનો જ અભરખો હોય તો મારા દુર્ગુણો, દુર્બળતાઓ, મર્યાદાઓ, પૂર્વગ્રહો દાટજો. મારા પાપો શેતાનને અને આત્મા પ્રભુને નામે જમા કરજો.

કદાચ તને મને યાદ કરવા માંગતા હોવ તો કોઈ રોતી આંખના આંસુ

અનુસંધાન પાના નં. ૭ પર